## (1) ડિજિટલ ક્વોલીટી ઓફ લાઈફ (DQL) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સૂચકાંક ડિજિટલ ફ્રીડમ ફોરમ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.
(2) આ સૂચકાંકમાં ઈન્ટરનેટ ગુણવત્તાની દષ્ટિએ ભારતનો ક્રમ 11મો રહયો છે.
(3) આ સૂચકાંકમાં 85 દેશોમાં ડિજિટલ વેલબીઈંગ (Wellbeing)ની ગુણવત્તા વિશે સંશોધન કરવામાં આવ્યું છે.
(4) કુલ 85 દેશોમાં ભારતનો ઓવરઓલ રેંક 82મો છે.

(A) માત્ર (2) (B) માત્ર (3)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ Surfshark નામના ઓનલાઈન પ્રાઈવસી સોલ્યુશન પ્રોવાઈડર દ્વારા DQL ઈન્ડેક્ષ, 2020 જાહેર કરવામાં આવ્યા છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ એક વૈશ્વિક સંશોધન છે જેમાં 85 દેશોની ડિજિટલ વેલબીઈંગની ગુણવત્તા વિશે સંશોધન કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ સંશોધનમાં 5 મુખ્ય સ્તંભના આધારે ડિજિટલ ક્વોલીટી ઓફ લાઈફ (DQL)ને વ્યાખ્યાયિત કરવામાં આવી છે.
- ઈન્ટરનેટ એફોર્ડેબીલીટી
- ઈન્ટરનેટ ક્વોલીટી
- ઈલેક્ટ્રોનીક ઈન્ફ્રાસ્ટ્રકચર
- ઈલેક્ટ્રોનીક સિક્યુરીટી
- ઈલેક્ટ્રોનીક ગવર્મેન્ટ

⇛ આ અંતર્ગત ઈન્ટરનેટ ક્વોલીટીની દષ્ટિએ ભારતનો ક્રમ છેલ્લો રહયો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ 85 દેશો પૈકી ભારતનો ઓવરઓલ રેંક 57મો આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ઈન્ટરનેટ અફોર્ડેબીલીટી ક્ષેત્રે ભારત 9માં ક્રમે રહયું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ રિપોર્ટ, 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ ICMR દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ વર્ષ 2025 સુધીમાં કેન્સરના કેસની સંખ્યામાં 12% જેટલો વધારો થશે.
(3) કેન્સરના કુલ કેસ પૈકી તંબાકુ સાથે સંકળાયેલ કેસોની સંખ્યા 48% જેટલી છે.
(4) તંબાકુના ઉપયોગના લીધે થતાં કેન્સરની સંખ્યા પશ્ચિમ ભારતમાં સૌથી વધુ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ (ICMR) અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટીકસ એન્ડ રિસર્ચ (NCDIR) દ્વારા કેન્સર વિશેનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટનું નામ નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ રિપોર્ટ, 2020 છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ, વર્તમાન પરિસ્થિતિની સાપેક્ષે 2025માં કેન્સરના કેસની સંખ્યા 12% વધીને 15.6 લાખ જેટલી થશે. વર્તમાન સમયે 13.9 લાખ કેન્સર કેસ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તંબાકુ સાથે સંકળાયેલા કેસની ટકાવારી 27.1% જેટલી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તંબાકુ સાથે સંકળાયેલા કેન્સરના કેસ પૈકી સૌથી વધુ કેસ પૂર્વોત્તર ભારતમાં જોવા મળે છે. ઉપરાંત આવા કેસ પુરુષોમાં વધુ માત્રામાં જોવા મળે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ પુરુષોમાં ફેફસાં, મોઢા, પેટ અને અન્નનળીનું કેન્સર વધુ સમાન્ય છે.

⇛ સ્ત્રીઓમાં બ્રેસ્ટ કેન્સર તથા સર્વીકલ કેન્સરની ટકાવારી ક્રમશઃ 14.8% અને 5.4% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) CMIE નામની સંસ્થાએ લોકડાઉન દ્વારા નોકરીઓ પર થયેલી અસર વિશેની માહિતી જાહેર કરી છે. આ માહિતી મુજબ નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) સેલેરીવાળી નોકરીઓમાં 18.9 મિલિયનનો ઘટાડો થયો છે.

(2) અનઔપચારીક (Informal) અને નનોન–સેલેરાઈઝ્ડ નોકરીમાં વધારો જોવા મળ્યો છે.

(3) ખેત ક્ષેત્રમાં 14.9 મિલિયન નોકરીઓ વધી છે.

(4) દૈનિક પગાર મેળવનાર શ્રમિકોની 6.8 મિલિયન નોકરીઓ ઘટી છે.

(A) માત્ર (1) અને (4) (B) માત્ર (3)

(C) માત્ર (1), (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમી **(CMIE)** દ્વારા **COVID-19** લોકડાઉન (એપ્રિલથી જુલાઈ) દરમિયાન નોકરીઓમાં થયેલા વધારા કે ઘટાડા વિશેની માહિતીઓ જાહેર કરવામાં આવી છે.

⇛ સૌથી વધુ નુકશાન સેલેરીવાળી નોકરીઓમાં થયું છે. આ ક્ષેત્રમાં કુલ **18.9** મિલિયન નોકરીઓ ઘટી છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ અનઔપચારીક અને નોન–સેલેરાઈઝ્ડ નોકરીઓ **2019**માં **31.76** કરોડ જેટલી હતી જે જુલાઈ **2020**માં વધીને **32.56** કરોડ જેટલી થઈ છે. આમ, તેમાં **2.5%**નો વધારો જોવા મળ્યો છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ લોકડાઉનના કારણે દૂર થયેલી નોકરીઓના કારણે લોકોએ ખેતી ક્ષેત્રમાં રોજગારી અપનાવી છે. આ ક્ષેત્રમા **14.9** મિલિયન નોકરીઓ વધી છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ દૈનિક શ્રમિકોની પણ **6.8** મિલિયન જેટલી નોકરીઓ લોકડાઉનના કારણે ગુમ થયેલી છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ધંધા ક્ષેત્રે માત્ર **0.1** મિલિયન નોકરી ઓછી થયેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) ''ટેકલીંગ COVID-19 યુથ એમ્પ્લોયમેન્ટ ક્રાઈસીસ ઈન એશિયા એન્ડ પેસિફિક'' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ વર્લ્ડ બેંક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ, બેરોજગારીનો સૌથી વધુ દર શ્રીલંકામાં જોવા મળશે.
(3) ભારતમાં COVID-19ના કારણે આશરે 41 લાખ યુવાનો પોતાની નોકરીઓ ગુમાવશે.
(4) એશિયા–પેસિફિક વિસ્તારમાં બાંગ્લાદેશમાં સૌથી વધુ યવાનો નોકરી ગુમાવશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO) અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) દ્વારા ઉપરોક્ત રિપોર્ટ સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ રિપોર્ટ મુજબ, ભારતમાં COVID-19ના કારણે 41 લાખ જેટલા યુવાનો પોતાની નોકરીઓ ગુમાવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં બેરોજગારીનો દર વધીને 32.5% થશે. પરંતુ, આ વિસ્તારના દરેક દેશ પૈકી સૌથી વધુ બેરોજગારીનો દર શ્રીલંકામાં 37.8% જેટલો જોવા મળશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મોટી વયના લોકોની સાપેક્ષે 15થી 24 વર્ષના યુવાનોની રોજગારીને આ મહામારીના કારણે વધુ અસર થઈ છે.

⇛ પાકિસ્તાનમાં સૌથી વધુ યુવાનો નોકરી ગુમાવશે. આ દૃષ્ટિએ પાકિસ્તાન પછી ભારતનો ક્રમ આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી (NRA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ સંસ્થા કોમન એલિજિબિલીટી ટેસ્ટ (CET) લેશે.
(2) આ પરીક્ષા કેન્દ્ર સરકારની ગેજેટેડ તથા નોનો–ગેજેટેડ ભરતી માટે લેવામાં આવશે.
(3) આ સંસ્થાની સ્થાપનાની જાહેરાત 2020ના કેન્દ્ર સરકારના બજેટમાં કરવામાં આવી હતી.
(4) CETના ગુણ ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ 19 ઓગસ્ટના રોજ કેબીનેટ દ્વારા નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી (NRA)ની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે.

⇒ આ સંસ્થા કેન્દ્ર સરકારની નોકરીઓ તથા જાહેર ક્ષેત્રની બેંક માટે એક કોમન ટેસ્ટ લેશે. આ ટેસ્ટને 'કોમન એલિજિબિલીટી ટેસ્ટ' (CET) કહેવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ ટેસ્ટ દ્વારા માત્ર બેંક અને કેન્દ્રની નોન–ગેજેટેડ જગ્યાઓની જ ભરતી કરવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ પરીક્ષામાં મેળવેલા ગુણ 3 વર્ષ સુધી માન્ય રહેશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ આગળના સ્તરની પરીક્ષા માટે અરજી કરી શકશે.

⇒ NRA દ્વારા ભરતી પ્રક્રિયામાં ક્રાંતી તથા સરળતા આવશે.

⇒ વર્તમાન સમયે 2.5 કરોડ વિદ્યાર્થીઓ અલગ–અલગ ભરતી માટે અલગ–અલગ પરીક્ષાઓ આપે છે. આ સંસ્થા દ્વારા હવે માત્ર એક CET જ આપવી પડશે.

⇒ NRAની સ્થાપનાની જાહેરાત 2020ના બજેટમાં કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT